

‘સંગમ’ની રિલીઝ પર રાજ કપૂરને કેમ પડી હતી થપ્પડ?

બોલિવૂડમાં લવ-ટ્રાયેંગલ પર તો સેંકડો ફિલ્મો બની છે, પરંતુ 1964માં રિલીઝ થયેલી રાજ કપૂરની ક્લાસિક ફિલ્મ ‘સંગમ’ની વાઇબ જ કંઈક અલગ છે. આ કોઈ ટિપિકલ હીરો-વિલનવાળી સ્ટોરી નહોતી, પરંતુ દોસ્તી, પ્રેમ, ભરોસો, ત્યાગ અને શંકાનું એવું ઈમોશનલ રોલરકોસ્ટર હતું જ્યાં કોઈ પાત્ર સંપૂર્ણપણે સાચું કે ખોટું નહોતું. R.K. ફિલ્મ્સના બેનર હેઠળ શોમેન રાજ કપૂરે પોતે આ ફિલ્મ પ્રોડ્યુસ અને ડિરેક્ટ કરી હતી, જ્યારે ઈન્દ્ર રાજ આનંદે તેના દમદાર ડાયલોગ અને સ્ક્રિપ્ટ લખી હતી.

‘સંગમ’ બનવાની સ્ટોરી ખુદ કોઈ ફિલ્મી સ્ક્રિપ્ટથી કમ નથી. હકીકતમાં, 1950ના દાયકામાં રાજ કપૂરે ‘ઘરોંદા’ નામની એક ફિલ્મ પ્લાન કરી હતી, જેમાં તેઓ પોતાની સાથે ટ્રેજેડી કિંગ દિલીપ કુમાર અને નરગિસને કાસ્ટ કરવા માંગતા હતા. પરંતુ અહીં એક મોટો ટ્વિસ્ટ આવ્યોઃ દિલીપ કુમારે રાજ કપૂર સાથે એક્ટિંગ કરવાની હા પાડી, પણ તેમના ડિરેક્શનમાં કામ કરવાની ચોખ્ખી ના પાડી દીધી. રાજ કપૂર પોતાના ડ્રીમ પ્રોજેક્ટનું ડિરેક્શન છોડવા તૈયાર નહોતા, એટલે ‘ઘરોંદા’ હોલ્ડ પર ગઈ અને એક દાયકા પછી નવી સ્ટારકાસ્ટ સાથે ‘સંગમ’ બનીને પડદા પર આવી. રસપ્રદ વાત એ છે કે 1977માં પણ દિલીપ કુમાર, રાજ કપૂર અને દેવ આનંદને સાથે લઈને સલીમ-જાવેદની સ્ક્રિપ્ટ અને વિજય આનંદના ડિરેક્શનમાં ‘સંગમ’ નામની મેગા-ફિલ્મ અનાઉન્સ થઈ હતી, પણ તે ક્યારેય ફ્લોર પર જઈ શકી નહીં.

1964ની ‘સંગમ’માં રાધાના રોલ માટે રાજ કપૂરે વૈજયંતીમાલાને સ્ટોરી સંભળાવી, પણ તેઓ કન્ફ્યુઝ્ડ હતા અને જવાબ નહોતા આપતા. આખરે રાજ કપૂરે પોતાના અંદાજમાં તેમને એક ટેલિગ્રામ મોકલ્યોઃ “બોલ રાધા બોલ, યે સંગમ હોગા યા નહીં?” વૈજયંતીમાલાએ પણ સામે ટેલિગ્રામમાં જ ફક્ત એક શબ્દ 3 વાર લખી મોકલ્યોઃ “હોગા, હોગા, હોગા!” બસ, આ જ ટેલિગ્રામ ચેટ પરથી ફિલ્મનું સુપરહિટ ગીત બન્યું.

રાજ કપૂરે સૌથી પહેલા દિલીપ કુમારને ઓફર આપી, પણ તેમણે ફિલ્મની ફાઈનલ કોપી એડિટ કરવાનો રાઈટ માંગતા ડીલ કેન્સલ થઈ.

ત્યારબાદ દેવ આનંદે ડેટ્સના ઈશ્યૂને કારણે અને બંગાળી સુપરસ્ટાર ઉત્તમ કુમારે પણ આ રોલ રિજેક્ટ કર્યો. સ્ટાઈલિશ એક્ટર ફિરોઝ ખાન આ રોલ માટે લાઈનમાં હતા; રાજ કપૂરે તેમને પ્રોમિસ આપ્યું હતું કે જો રાજેન્દ્ર કુમાર ના પાડશે તો રોલ ફિરોઝને મળશે. ફિરોઝ ખાનને લાગ્યું કે આ ફિલ્મ તેમના માટે સ્ટારડમની ટિકિટ બનશે, પણ રાજેન્દ્ર કુમારે હા પાડી દીધી. જોકે, કુદરતનો ખેલ જુઓ– થોડા સમય પછી ફિરોઝ ખાનને ‘આરઝૂ’ ફિલ્મ મળી, જેમાં પણ રાજેન્દ્ર કુમાર જ મેઈન હીરો હતા અને ફિરોઝ ખાનના ભાગે ફરી એવો જ લવ-ટ્રાયેંગલ રોલ આવ્યો જેમાં હીરોઈન તેમને નથી મળતી!

1955માં આવેલી ‘શ્રી 420’ પછી રાજ કપૂરે પૂરા 9 વર્ષ સુધી કોઈ ફિલ્મ ડિરેક્ટ નહોતી કરી અને ‘સંગમ’થી તેમણે ડિરેક્શનની ખુરશી પર ધમાકેદાર કમબેક કર્યું. આ રાજ કપૂર અને સિનેમેટોગ્રાફર રાધુ કર્માકરની પહેલી ફુલ-કલર ફિલ્મ હતી. તે સમયે હિન્દી ફિલ્મોનું શૂટિંગ ભારતમાં જ થતું, પણ રાજ કપૂરે રિસ્ક લઈને લંડન, પેરિસ, વેનિસ અને સ્વિટ્ઝર્લેન્ડમાં શૂટિંગ કર્યું. સ્વિટ્ઝર્લેન્ડમાં શૂટ થનારી આ પહેલી ભારતીય ફિલ્મ હતી, જેણે બોલિવૂડમાં સ્વિસ પહાડો અને વિદેશી લોકેશન્સ પર રોમાન્સ કરવાનો ક્રેઝ શરૂ કર્યો. એટલું જ નહીં, આશરે 238 મિનિટ (લગભગ 4 કલાક) લાંબી આ ફિલ્મ માટે ઓડિયન્સ બોર ન થાય એટલે રાજ કપૂરે તેને 2 ઈન્ટરવલ સાથે રિલીઝ કરવાનો અનોખો આઇડિયા અપનાવ્યો–જે ટ્રેન્ડ તેમણે પાછળથી ‘મેરા નામ જોકર’માં પણ રિપીટ કર્યો. ખાસ વાત એ છે કે રાજ કપૂરે ‘સંગમ’થી ફિલ્મ એડિટર તરીકે પણ ડેબ્યૂ કર્યું હતું.

મુવિયાના

ફિલ્મ રિલીઝ થઈ ત્યારે પડદા પાછળ એક મોટો વિવાદ થયો. કોઈ વાત પર રાજ કપૂર અને લેખક ઈન્દ્ર રાજ આનંદ વચ્ચે જોરદાર લડાઈ થઈ અને ગુસ્સામાં ઈન્દ્ર રાજ આનંદે રાજ કપૂરને થપ્પડ મારી દીધી. ઈન્ડસ્ટ્રીના સૌથી પાવરફુલ શોમેન સાથે પંગો લેવો ભારે પડ્યો–રાજ કપૂર અને તેમના સર્કલે તેમનો બોયકોટ કર્યો. તેમના દીકરા ટીનૂ આનંદના જણાવ્યા મુજબ, રાતોરાત તેમના હાથમાંથી 18 ફિલ્મો નીકળી ગઈ અને આઘાતમાં તેમને હાર્ટ એટેક પણ આવ્યો. જોકે, જ્યારે પરિસ્થિતિ બગડતી દેખાઈ ત્યારે લંડનમાં રહેલા રાજ કપૂરે પોતાની પત્ની કૃષ્ણા રાજ કપૂરને ઈન્દ્ર રાજ આનંદના ઘરે મોકલ્યા અને આખરે માફી તથા લાગણીસભર સમાધાન સાથે આ કડવાશનો અંત આવ્યો.



‘મૈં ક્યા કરું રામ મુઝે બુદ્ધા મિલ ગયા’ ગીતના બોલ લતા મંગેશકરને અશ્લીલ લાગતા તેમની હસરત જયપુરી સાથે બબાલ થઈ હતી

શૈલેન્દ્ર અને હસરત જયપુરીના શબ્દો તથા શંકર-જયકિશનની ધૂનોએ ‘સંગમ’નાં 8 ગીતોને અમર બનાવી દીધા, જેમાં લતા મંગેશકર, મુકેશ, મોહમ્મદ રફી, મહેન્દ્ર કપૂર, વૈજયંતીમાલા અને વિવિયન લોબોએ અવાજ આપ્યો હતો. ‘યે મેરા પ્રેમ પત્ર પઢ કર’ ગીતની ધૂન જયકિશને પોતાની મંગેતરને લખેલા ગુજરાતી લવ-લેટર પરથી બનાવી હતી, જ્યારે હસરત જયપુરીએ તેનું મુખડું ‘બરસાત’ ફિલ્મના સમયથી સાચવી રાખ્યું હતું. પાછળથી જયકિશને ફિલ્મફેર મેગેઝિનમાં આ ગીતની ધૂન એકલા બનાવી હોવાનું જાહેર કરતા શંકર-જયકિશનની જોડી વચ્ચેના જૂના કરાર તૂટ્યા અને તેમના સંબંધોમાં તણાવ વધી ગયો.

એ જ રીતે, ‘મૈં ક્યા કરું રામ મુઝે બુદ્ધા મિલ ગયા’ ગીતના બોલ લતા મંગેશકરને અશ્લીલ લાગતા તેમની હસરત જયપુરી સાથે બબાલ થઈ હતી; તેમણે ગીત તો રેકોર્ડ કર્યું, પણ નારાજગીમાં ક્યારેય ‘સંગમ’ ફિલ્મ ન જોવાની કસમ ખાધી હતી. છતાં, આ ફિલ્મના ગીતોનો જાદુ એવો ચાલ્યો કે દાયકાઓ પછી તેના મુખડા પરથી ‘બોલ રાધા બોલ’ (1992) અને ‘હર દિલ જો પ્યાર કરેગા’ (2000) જેવી હિટ ફિલ્મો બની.



‘બે ક્લાઈમેક્સ, એક ફિલ્મ અને આખી ટીમ કન્ફ્યુઝ્ડ!’

ફિલ્મમાં રૂહ, બાબા, ભૂતોને કેવી રીતે ચકમો આપે છે એ તો સૌએ જોયું, પરંતુ ‘ભૂલભુલૈયા 3’ના સેટ પર તો ડિરેક્ટર અનીસ બઝમીએ જબરદસ્ત માઈન્ડ ગેમ રમી હતી! ફિલ્મનો ટ્વિસ્ટ શું હશે, મંજુલિકાનું સસ્પેન્સ કેવી રીતે ખૂલશે અને છેલ્લે કોણ કોને માત આપશે, એ જાણવા ઓડિયન્સ આતુર હતા. પણ અહીં મજાની વાત એ હતી કે ફિલ્મના આર્ટિસ્ટ્સ પણ અંતથી અજાણ હતા! એટલે સ્ક્રીન પર સસ્પેન્સ અને સેટ પર પણ સસ્પેન્સ!

પરદે કે પીછે


કાર્તિક આર્યન, વિદ્યા બાલન, માધુરી દીક્ષિત અને તૃપ્તિ ડિમરી જેવી સ્ટારકાસ્ટ ધરાવતી આ ફિલ્મનું સસ્પેન્સ લીક ન થાય એ માટે અનીસ બઝમીએ ખાસ પ્લાન બનાવ્યો હતો. કેટલાક આર્ટિસ્ટ્સને એક વાત કહેવામાં આવી તો કેટલાકને બીજી. એટલું જ નહીં, આર્ટિસ્ટ્સને આપવામાં આવેલી સ્ક્રિપ્ટમાં છેલ્લાં 15 પાનાં જ નહોતાં! એટલે પાત્રમાં શું કરવાનું છે એની ખબર, પણ સ્ટોરીનો અંત શું આવશે એની કોઈને ખબર નહીં!

જરા સેટનો માહોલ વિચારો! એક આર્ટિસ્ટ બીજાને પૂછે કે ‘આપણે છેલ્લે શું કરવાના છીએ?’ તો સામેથી જવાબ મળે, ‘મને પણ ક્યાં ખબર છે!’ લેખકો, આસિસ્ટન્ટ ડિરેક્ટર અને પ્રોડક્શન ટીમના ઘણા સભ્યો પણ આખી સ્ટોરીથી અજાણ હતા. માત્ર ચારથી છ લોકોને જ અસલી ક્લાઈમેક્સની જાણકારી હતી. બાકીના બધા તો જાણે ફિલ્મની સાથે-સાથે સસ્પેન્સ ઉકેલવાની રમત રમતા હતા.

પરંતુ અનીસ બઝમીની ચાલ અહીં પૂરી નહોતી થતી. ફિલ્મ માટે એક નહીં, બે અલગ-અલગ ક્લાઈમેક્સ શૂટ કરવામાં આવ્યા હતા. શરૂઆતમાં એક અંતનું શૂટિંગ કર્યા પછી તેમણે ટીમને ફરી બોલાવીને કહ્યું કે આમાં મજા નથી આવી, ફરીથી શૂટિંગ કરવું પડશે. ટીમને લાગ્યું કે ડિરેક્ટર પહેલો અંત બદલી રહ્યા છે. પરંતુ હકીકતમાં આ પણ સસ્પેન્સ જાળવવાની તેમની સ્ટ્રેટેજીનો ભાગ હતો. આખરે ફિલ્મમાં કયો અંત રાખવામાં આવશે, એ વાત ગણતરીના લોકો સુધી જ સીમિત રહી!

કાર્તિક આર્યને પણ એક ઈન્ટરવ્યૂમાં બે ક્લાઈમેક્સ શૂટ થયાની વાત સ્વીકારી હતી. તેના જણાવ્યા પ્રમાણે, સ્ક્રિપ્ટનાં છેલ્લાં પાનાં માત્ર પસંદગીના લોકોને જ આપવામાં આવ્યાં હતાં. એટલે ફિલ્મના આર્ટિસ્ટ્સ પણ ઓડિયન્સની જેમ જ અંત જાણવા માટે ઉત્સુક હતા.

હવે સમજાય છે કે ‘ભૂલભુલૈયા 3’નું સસ્પેન્સ માત્ર સ્ક્રીન પર જ નહોતું! અનીસ બઝમીએ પોતાની જ ટીમને એવી રીતે કન્ફ્યુઝ કરી કે સાચો અંત જાણવો પણ એક મિશન બની ગયો. રૂહ બાબા ભૂતોને ચકમો આપતા હતા અને ડિરેક્ટર આખા યુનિટને! ફિલ્મમાં ટ્વિસ્ટ જોઈને તમે ચોંક્યા હશો, પણ સેટ પર તો ટ્વિસ્ટની ઉપર ટ્વિસ્ટ ચાલતા હતા!



અનીસ બઝમીએ પોતાની જ ટીમને એવી રીતે કન્ફ્યુઝ કરી કે સાચો અંત જાણવો પણ એક મિશન બની ગયો

બ્યુટી વિથ બીસ્ટ્સ! અમેન્ડાનું વિચિત્ર કલેક્શન!

હોલિવૂડની હિરોઈનોના શોખ પણ એકદમ ફિલ્મી હોય છે, પણ અમેન્ડા સેફ્રાઈડનો શોખ તો હોરર ફિલ્મના સેટને પણ ટક્કર આપે એવો છે! સામાન્ય રીતે સેલિબ્રિટીઓ ઘરમાં મોંઘાં પેઇન્ટિંગ, એન્ટિક વસ્તુઓ કે વિદેશી પેટ્સ રાખે છે, પરંતુ અમેન્ડાની પસંદગી જરા હટકે છે. તેમને મૃત પ્રાણીઓને સાચવીને રાખવાનો શોખ છે!



અમેન્ડાને ટેક્સીડર્મીનો ક્રેઝ છે. એટલે કે મૃત પ્રાણીઓની ચામડીને ખાસ પદ્ધતિથી સાચવીને તેમનું મૂળ સ્વરૂપ જાળવવાની કળા. તેમના કલેક્શનમાં ઘુવડ, ઝીબ્રા, હરણ અને રકૂન જેવાં પ્રાણીઓનો સમાવેશ થાય છે. મતલબ કે તેના ઘરમાં પ્રવેશો તો ડેકોરેશનની સાથે જાણે જંગલ સફારીનો પણ અનુભવ થઈ જાય! હવે કલ્પના કરો કે તમે અમેન્ડાના ઘરે મહેમાન બનીને જાઓ અને સામે સોફા પાસે ઘુવડ બેઠેલું દેખાય! પહેલી નજરે તો તમે ચા પીવાનું પણ ભૂલી જાઓ! કોઈ મહેમાન તેમના ઘરના ઈન્ટિરિયરની પ્રશંસા કરે તો કોઈ મનમાં વિચારતું હશે કે અહીં રાત રોકાવાનું તો નથી ને? કારણ કે આ કલેક્શન સામાન્ય શોપીસ જેવું નથી, પણ દરેકની નજર ખેંચે એવું છે. અમેન્ડા માટે ટેક્સીડર્મી માત્ર અજીબ શોખ નથી, પરંતુ એક પ્રકારની કળા છે. જોકે, આ હૉબી દરેકને પસંદ આવે એવું જરૂરી નથી. કોઈને આ કલેક્શન યુનિક આર્ટ ગેલેરી લાગે તો કોઈને હોરર ફિલ્મનો સીન! પણ અમેન્ડાને પોતાના આ અનોખા કલેક્શનથી ખાસ લગાવ છે. હવે સમજાયું કે હોલિવૂડમાં દરેક સ્ટારનો પોતાનો અલગ સ્વેગ હોય છે! કોઈ લક્ઝરી કારથી ઓળખાય, તો અમેન્ડા ઘરમાં વસાવેલા આ અનોખા પ્રાણીજગતથી ચર્ચામાં રહે છે. ખરેખર, તેમનો શોખ જોઈને એક જ સવાલ થાય છે - ઘરમાં પેટ્સ રાખવાનો આ નવો ટ્રેન્ડ છે કે પછી હોરર ફિલ્મની તૈયારી?

કોઈને ડોગી પાળવાનો ક્રેઝ, તો અમેન્ડાને મૃત પ્રાણીઓનું કલેક્શન કરવાનો શોખ!

સ્ટેજ પર રોકસ્ટાર, ઘરે ટ્રેનનો દીવાનો!

સ્ટેજ પર હજારો લોકોને ઝૂમાવતા રોકસ્ટાર Rod Stewart ઘરે પહોંચે ત્યારે તેમનો અંદાજ બદલાઈ જાય છે. અહીં ન માઈક હોય છે, ન કોન્સર્ટ કે ચાહકોની ભીડ! કારણ કે આ ગાયકને નાનકડી ટ્રેનો દોડાવવાનો એવો ક્રેઝ છે કે તેમણે પોતાના ઘરમાં જ આખું શહેર વસાવી દીધું છે. તેમનો આ શોખ જોઈને ટ્રેનપ્રેમીઓ પણ દંગ રહી જાય! રોડના આ શહેરનું નામ છે ‘ગ્રાન્ડ સ્ટ્રીટ એન્ડ થ્રી રિવર્સ સિટી’. ન્યૂયોર્ક અને શિકાગોથી પ્રેરિત આ મોડેલમાં ગગનચુંબી ઈમારતો, પુલ, રેલવે સ્ટેશન, ફેક્ટરીઓ, ગોદામો અને રસ્તાઓ બધું જ છે. લગભગ 60 ફૂટ લાંબા અને 25 ફૂટ પહોળા આ મોડેલને બનાવવામાં તેમણે 23 વર્ષ આપ્યાં હતાં.

હોલિવૂડ હંગામા

લોકો ઘરનું ઈન્ટિરિયર બદલવામાં સમય કાઢે છે, જ્યારે રોડે તો આખું શહેર જ ઊભું કરી દીધું! સૌથી રસપ્રદ વાત એ છે કે આ પ્રોજેક્ટમાં રોડે માત્ર પૈસા ખર્ચ્યા નથી. લગભગ 90% કામ તેમણે જાતે કર્યું છે. ઈમારતો બનાવવી, રસ્તા તૈયાર કરવા અને દરેક વસ્તુને અસલી દેખાવ આપવો... આ બધું તેમનો પોતાનો ક્રિએટિવ પ્રોજેક્ટ હતો. તેમનો ક્રેઝ એટલો કે મ્યુઝિક ટૂર દરમિયાન પણ આ શોખ માટે સમય કાઢતા. હોટેલમાં વધારાનો રૂમ લઈને ત્યાં નાનકડી ઈમારતો અને મોડેલ બનાવતા હતા. બીજા કલાકારો ટૂર દરમિયાન પાર્ટી કરે અને રોડ સાહેબ હોટેલમાં શહેર વસાવે! આ શહેરની ખાસિયત માત્ર ટ્રેન દોડાવવામાં નથી. ટ્રેન પસાર થાય ત્યારે તેનો અવાજ, રસ્તા પરની હલચલ અને આસપાસનું વાતાવરણ પણ જીવંત લાગે છે. 2024માં આ વિશાળ મોડેલને અમેરિકાથી બ્રિટન ખસેડવામાં આવ્યું હતું. આ માટે તેના અનેક ભાગોને ફરીથી જોડવા પડ્યા હતા. રોડે એક વખત મજાકમાં કહ્યું હતું કે તેમને રોલિંગ સ્ટોન કરતાં રેલવે મોડેલના મેગેઝિનના કવર પર આવવું વધારે ગમશે! દુનિયા તેમને રોકસ્ટાર તરીકે ઓળખે છે, પણ રોડ માટે ટ્રેનની નાનકડી સીટીનો અવાજ પણ સુપરહિટ ગીતથી ઓછો નથી. ખરેખર, આ રોકસ્ટારનો શોખ એકદમ ટ્રેક પર છે!



કરોડોની કમાણી અને હજારો ફેન્સ વચ્ચે જીવતા Rod Stewartનો અસલી ક્રેઝ તો નાનકડી ટ્રેન છે! 23 વર્ષ સુધી મહેનત કરીને ઘરમાં જ ઊભું કરી દીધું આખું શહેર!